ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

# ખનિજ પત્રિકા

## એસોસિયેશન સમાચાર

વોલ્યૂમ - 3

નં. - 3

ત્રિમાસિક

જુલાઈ-
સપ્ટેમ્બર, ૨૦૨૦

મૂલ્ય:
રૂા. ૧૦૦/-




ESTD. 1962

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D.K. House, Mithakhali, Ahmedabad-380006 (Gujarat).

**Tel:** 079-26427047 | **E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org


TATA
SHUDH
CEMENT
પ્રસ્તુત છે
તાતા શુદ્ધ સિમેન્ટ ઓ.પી.સી.- 53
SUPERIOR 1
DAY STRENGTH
અમે નવા છીએ,
અમે બહેતર છીએ
અને અમે ભરોસાપાત્ર છીએ.
IS : 269
CM/L NO. 7068877
TATA
SHUDH
CEMENT
ORDINARY
PORTLAND
CEMENT
53
GRADE
TATA CHEMICALS LIMITED
(AN ISO 9001:2000 COMPANY)
Net Weight 50kg
M.R.P. Rs.
(Inclusive of all taxes)

## તાંત્રિક સલાહકાર મંડળ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પી. એન. રાવ | .. | પ્રમુખ |
| ૨. | શ્રી જે. વી. ભટ્ટ | .. | તંત્રી |
| ૩. | શ્રી કે. એન. પટેલ | .. | મેમ્બર |
| ૪. | શ્રી સી. એમ. દ્વિવેદી | .. | મેમ્બર |
| ૫. | શ્રી સુરેશ રાઈઠ્ઠા | .. | મેમ્બર |
| ૬. | ડૉ. ડી. એન. પંચોલી | .. | મેમ્બર |
| ૭. | શ્રી જયમીત સોલંકી | .. | મેમ્બર |



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

**માનદ મંત્રી**
શ્રી જય જી. શાહ

**સંયુક્ત માનદમંત્રી**
શ્રી હર્ષવદન ભાવાની
શ્રી આશિષભાઈ જે. પટેલ

**ઉપપ્રમુખ**
શ્રી મનોજ સોલંકી
શ્રી સી. એમ. દ્વિવેદી

**ખજાનચી**
શ્રી જશુભાઈ જી. પટેલ

## કમિટી સદસ્ય

| | | |
|---|---|---|
| શ્રી કે. એન. પટેલ | ચેરમેન | લીગલ કમિટી |
| શ્રી સી. કે. જોષી | સભ્ય | લીગલ કમિટી |
| શ્રી જી. બી. શાહ | ચેરમેન | ટેક્નિકલ કમિટી |
| શ્રી સી. એમ. દ્વિવેદી | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી સુનીલ દીક્ષિત | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી જે. વી. ભટ્ટ | જીઓ-ટેક | ઍડ્વાઈઝર |
| શ્રી પી. કે. રાયચુરા | ચેરમેન | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી હેમુલભાઈ શાહ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી ગૌરાંગ ભટ્ટ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનનું ત્રિમાસિક પ્રકાશન

સ્થાપનાઃ સને ૧૯૬૨

| વર્ષ | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|
| ૧૯૬૩-૭૦ | નટવરલાલ શામળદાસ વોરા | કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ |
| ૧૯૭૧-૭૨ | પ્રભુદાસ વિઠ્ઠલદાસ માકેચા | દેવેન્દ્રભાઈ ડી. બધેકા |
| ૧૯૭૩ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૪-૭૫ | જયંતીલાલ ડી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૬ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૭-૭૮ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૯-૮૦ | ઈન્દુભાઈ એસ. જાની | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૧-૮૨ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૩-૮૫ | ગોવિંદભાઈ બી. શાહ | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૬-૮૭ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૮-૯૧ | સુરેન સી. ચોક્સી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૯૨-૯૭ | જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | ગિરીશ આર. પટેલ |
| ૧૯૯૭-૯૯ | ગોવિંદભાઈ બી. શાહ | બિરેન જે. પટેલ |
| ૧૯૯૯-૦૬ | રાવજીભાઈ જે. પટેલ | બિરેન જે. પટેલ |
| ૨૦૦૬-૧૦ | બિરેન જે. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૦-૧૨ | હંસરાજ ડી. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૩-૧૫ | હંસરાજ ડી. પટેલ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૬-૧૮ | પી. એન. રાવ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૯-૨૦ | પી. એન. રાવ | જય જી. શાહ |

## સંકલિત ખનિજ મંડળ

૧. પોરબંદર ચોક માઈન્સ ઓનર્સ એન્ડ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન
૨. કચ્છ ચાઈનાક્લે એસોસિયેશન
૩. કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
૪. અમદાવાદ સેન્ડ લીઝ હોલ્ડર એસોસિયેશન
૫. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૬. અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિયેશન
૭. છોટાઉદેપુર માઈન્સ ઓનર્સ એસોસિયેશન
૮. છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૯. નવસારી ક્વોરી એસોસિયેશન
૧૦. સાઉથ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર્સ એસોસિયેશન
૧૧. ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસિયેશન
૧૨. સાઉથ ગુજરાત લીઝ હોલ્ડર એસોસિયેશન, સુરત
૧૩. ગુજરાત ગ્રેનાઈટ એસોસિયેશન
૧૪. હાલોલ ક્વોરી એસોસિયેશન
૧૫. ગોધરા ક્વાર્ટ્સ એસોસિયેશન

## આજીવન સંકુલ:

૧. ડી.સી.ડબ્લ્યુ. લિમિટેડ
૨. ગુજરાત અંબુજા સિમેન્ટ લિમિટેડ
૩. આયર્ન ટ્રાયેન્ગલ લિમિટેડ (બેકબોન એન્ટરપ્રાઇઝ લિમિટેડ)
૪. ડી. આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ
૫. નિરમા લિમિટેડ
૬. સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૭. આશાપુરા માઈનકેમ લિમિટેડ
૮. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ
૯. ગુજરાત હેવિકેમિકલ લિમિટેડ
૧૦. ટાટા કેમિકલ્સ લિમિટેડ
૧૧ કાર્બોરેન્ડમ યુનિવર્સલ લિમિટેડ
૧૨ દાલમિયા રિફરેક્ટરીઝ લિમિટેડ
૧૩. બોમ્બે મિનરલ્સ લિમિટેડ
૧૪. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ
૧૫. આશાપુરા ચાઈનાક્લે કંપની
૧૬. એચડી માઈક્રોન્સ લિમિટેડ
૧૭. એચડી એન્ટરપ્રાઈઝ
૧૮. વિમલ માઈક્રોન્સ લિમિટેડ
૧૯. હાઈબોન્ડ સિમેન્ટ (ઈ) પ્રાઈવેટ લિમિટેડ
૨૦. ૨૦ માઈક્રોન્સ લિમિટેડ
૨૧. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ
૨૨. આશાપુરા કેલ્સાઈન એન્ડ રિફરક્ટોરીઝ એલ.એલ.પી
૨૩. વાન બેન્ટ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ
૨૪. ઓરિયેન્ટ એબ્રેસિવ લિમિટેડ
૨૫. સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોક્સાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રી લિમિટેડ
૨૬. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ
૨૭. આયર્ન ટ્રાયેંગલ લિમિટેડ, રાજકોટ (બેકબોન એન્ટરપ્રાઇઝ લિ.)
૨૮. એલેમ્બિક ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

## અનુક્રમણિકા


૦૧ એડ્વર્ટાઈઝમેન્ટ - જી એચ સી એલ લિમિટેડ
૦૨ એડ્વર્ટાઈઝમેન્ટ - ટાટા કેમિકલ્સ લીમીટેડ
૦૫ પ્રમુખસ્થાનેથી
૦૭ તંત્રીસ્થાનેથી
૮ એડ્વર્ટાઈઝમેન્ટ-આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
૯ એડ્વર્ટાઈઝમેન્ટ-શ્રી ભુવનેશ્વરી મિનરલ કન્સલ્ટન્સી અને શ્રી પદુભાઇ રાયચુરા દ્વારા પ્રસિધ્ધ કરેલ પુસ્તકોનું વિમોચન
૧૦ એસોસિયેશન વિજ્ઞપ્તિ
૧૧ આત્મનિર્ભર ભારત...શ્રી પદુભાઇ રાયચુરા
૧૨ માલિકીની જમીનમાં ખનિજ પટ્ટા - સમીક્ષા-શ્રી કે. એન. પટેલ
૧૫ Gujarat Bauxite Exploration, its challenges and remedial measures - J. V. Bhatt, Mineral Consultant
૧૭ Mineral - Price List
૧૯ એડ્વર્ટાઈઝમેન્ટ - એચડી માઇક્રોન્સ લિમિટેડ
૨૦ એડ્વર્ટાઈઝમેન્ટ - શ્રી રામ મિનરલ્સ



લેખકો દ્વારા દર્શાવાયેલાં અભિપ્રાય-મંતવ્ય ખનિજ પત્રિકાના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન"ના નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃ પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.



પત્રવ્યવહારનું સરનામું :
સંપર્કઃ સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસાસિયેશન,
બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર,
ડી. કે. હાઉસ પાસે, મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટેલિ.: ૦૭૯-૨૬૪૨૭૦૪૭ ઈ-મેઈલઃ gujmin@gmail.com

મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., અમદાવાદ.



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

માનનીય સભ્યશ્રીઓ,
આપ સર્વ સમક્ષ આ 'ખનિજ પત્રિકા'નો અંક રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. દેશના આર્થિક વિકાસના પાયામાં માઈનિંગ ઉદ્યોગની પાયાની ભૂમિકા છે. ખાણકામ એ મુખ્યત્વે શ્રમ સાધન અને મૂડી સાધન ઉદ્યોગ છે. ખાસ કરીને અંતરિયાળ વિસ્તાર અને પછાત વિસ્તારમાં અન્ય આર્થિક પ્રવૃત્તિઓ મર્યાદિત હોય છે, તેમાં ખાણકામ ક્ષેત્રે રોજગારી ઉદભવવાની વિશાળ સંભાવના રહેલ છે. કૃષિ ક્ષેત્ર કરતાં ખાણકામ ક્ષેત્રે ૧૩ ગણી રોજગારી ઉદભવે છે તેમજ આર્થિક વિકાસ વૃદ્ધિમાં ઉત્પાદક એકમો કરતાં ૬ ગણી વધારે રોજગારી ઉદભવે છે.

કોલસો, સ્ટીલ, સિમેન્ટ, વીજળી અને ખાતર અર્થતંત્રના પાંચ નિર્ણાયક ક્ષેત્ર છે પરંતુ પહેલીથીજ આયાત દ્વારા ખર્ચાળ કાચોમાલ ખરીદવો પડે છે. ભારતમાં વિપુલ પ્રમાણમા કાચોમાલ હોવા છતાં ખનિજ સંશોધનના અભાવે સરળ નીતિઓના અભાવે, વિલંબિત મંજૂરીઓના કારણે ખનિજના ઉત્પાદનમાં ઘટાડો થયેલ છે, તેના કારણે ખાણકામનો વિકાસ રૂંધાયેલ છે. જેથી ખનિજના કાચામાલ આધારિત એવા કેટલાક ક્ષેત્ર ચલાવવા મુશ્કેલ થયેલ છે. ઝડપી મંજૂરીઓ, સંશોધનમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી, તમામ હયાત લીઝની મુદતનો સમયગાળો વધુ ૫ થી ૧૦ વર્ષ વધારવાની કેન્દ્ર અને રાજ્ય સ્તરેથી ખાતરી મળવી જોઈએ.

'કોવિડ-૧૯' બાદના સમયમાં યોગ્ય અને મજબૂત અસરકારક નિર્ણયોની જરૂર છે. હાલના તબક્કે ટૂંકા ગાળા અને લાંબા ગાળાની આર્થિક નીતિ જાહેર કરવાથી આગામી ૩ થી ૫ વર્ષમાં સકારાત્મક વળતર બતાવી શકે છે. માઈનિંગ ઉદ્યોગને હાલના સ્તરેથી જી.ડી.પીમાં વૃદ્ધિ કરવા ૫ વર્ષ માટે સ્થિર નીતિની જરૂર છે. ભારતના ખાણકામ ઉદ્યોગના પુનરુત્થાન માટેનાં સુચન રજુ કરેલ છે, જે અન્વયે યોગ્ય પ્રકારના સરકારશ્રીના સમર્થન અને સુધારાઓથી ૨૦૨૫ સુધીમાં ખાણકામ ક્ષેત્રે આશરે ૫ કરોડ લોકોને રોજગારીની તકો પૂરી પાડવાની સંભાવના છે.

ભારતીય ખાણ ખનિજ ક્ષેત્ર ઘણા કારણસર છેલ્લા પાંચ વર્ષથી અશાંત પરિસ્થિતિ માંથી પસાર થઈ રહેલ છે. રાષ્ટ્રીય ખનિજનીતિ:૨૦૧૯ જાહેર થવા છતાં તેમાં સુધારો થઈ શકેલ નથી. 'કોવિડ-૧૯' પછી આ ક્ષેત્રની પરિસ્થિતી વધુ સંવેદનશીલ બનવા પામેલ છે, જે અન્વયે એસોસિયેશન દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારશ્રીને સૂચન-રજૂઆત કરવામાં આવેલ છે.

અસરકારક, લાંબા ગાળાના, સ્થિર અને બજારના મૈત્રીપૂર્ણ અનુલક્ષી નિર્ણયો લેવાથી આગામી વર્ષોમાં હકારાત્મક પરિણામ લાવી શકાશે. રાજ્યના ખાણકામ વિભાગોને સક્ષમ અને વિષયને લગતાં નિષ્ણાત અધિકારીઓની જરૂર છે. યોગ્ય નીતિના અમલીકરણની સમીક્ષા કરવા ખનિજ ઉદ્યોગકારો સાથે સલાહકાર પરિષદની બેઠકો સમયાંતરે રાખવી જોઈએ.

"આત્મનિર્ભર ભારત સ્કીમ" અન્વયે નાણાંપ્રધાનશ્રીએ ખનિજ ક્ષેત્રે ખાનગી મૂડીરોકાણ વધારવા અને માઈનિંગ ક્ષેત્રે સુધારણા લાવવા જાહેર કરેલ છે. આ જાહેરાતના અમલી કરણ માટે માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેંન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૫૭ અને તે અન્વયે બનાવેલ નિયમોના સુધારણા માટે ખાણ મંત્રાલયે ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરી માઈનિંગ સેકટરમાં સૂચિત સુધારા સૂચવતી નોંધ તૈયાર કરી રાજ્ય સરકાર, ખાણ ઉદ્યોગકારો ખાણ ઉદ્યોગ એસોસિએશનને સૂચન-અભિપ્રાયો મોકલી આપવા જણાવેલ જે અન્વયે એસોસિયેશન દ્વારા સૂચિત સુધારા અંગેના કોમેન્ટ સજેશન સંયુક્ત સચિવશ્રી, ખાણ મંત્રાલય, ન્યુ દિલ્હી અને કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાને તા. ૩૧.૮.૨૦૨૦થી મોકલી આપેલ છે.

વધુમાં ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશન શ્રી, ગાંધીનગરે પરિપત્ર તા. ૨૮.૮.૨૦૨૦થી રાજ્યની તમામ મુખ્ય ખનિજ અને ગૌણ ખનિજની લીઝ, સ્ટોકિસ્ટ, મિનરલ ક્રશિંગ કરતાં એકમોને ઓનલાઈન કે.વાય.સી. રજૂ કરવા અને તેના વેરિફિકેશન માટેની કાર્યવાહી તા. ૩૦.૯.૨૦૨૦ સુધીમાં પૂરી કરવાની રહેશે અને જો તેમ ન થાય તો સદર પરિપત્ર મુજબ જે તે લીઝધારકો/પ્રોસેસિંગ પ્લાન્ટ સ્ટોકિસ્ટેનાં ATR લોક કરી દેવામાં આવશે તેમ સૂચના આપેલ. આ અન્વયે એસોસિયેશનના પત્ર તા. ૧૯.૯.૨૦૨૦ થી કે.વાય.સી, રજૂ કરવાની મુદત વધારવા તથા કે.વાય.સી. વેરિફિકેશન મોડ્યુલ સરળ બનાવવા વિગતવાર રજૂઆત

કરવામાં આવેલ છે.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનશ્રી, ગાંધીનગર એ મેમોરેન્ડમ તા. ૫.૯.૨૦૨૦થી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમા ૨૦૧૭ ના નિયમઃ ૪૯ (૧) હેઠળના માસિક પત્રક ફોર્મ “J” માં સુધારો કરી નવા માસિક પત્રક ફોર્મ “Q” તેમજ સ્ટોકિસ્ટો અને પ્રોસેસિંગ, ક્રશિંગ પલ્વરઈઝિંગ કરતાં એકમો માટે ગુજરાત ખનિજ ગેરકાયદે ખોદકામ, વહન અને સંગ્રહ નિયારણ નિયમોઃ ૨૦૧૭ના નિયમ ૯(૧), ૯(૪)(એ) અને ૯(૪) (બી) હેઠળના માસિક પત્રક ફોર્મ F1, F2 and G1, G2માં સુધારો કરી નવા માસિક પત્રક ફોર્મ-જી દાખલ કરેલ છે. આ નવા અને સુધારેલ ફોર્મ ‘‘ક્યૂ’’ અને ફોર્મ ‘‘જી’’માં તમામ લીઝધારકો અને સ્ટોકિસ્ટોએ ILMS પોર્ટલ પર ઓગસ્ટ-૨૦૨૦થી અપલોડ કરવા હુકમ કરવામાં આવેલ જે અન્વયે આ ફોર્મ “G” અને ફોર્મ “Q” માં માગવામાં આવેલ માહિતી ગૂંચવણ ભરેલી, લંબાણપૂર્વકની, નાના લીઝ ધારકો ને મુંજવણમાં મૂકી દે તેવી તથા અમુક બિનજરૂરી માહિતી માંગેલ હોય જે દર મહિને ONLINE માહિતી ભરવા માટે ખુબજ ઉત્પાદકીય પ્રવૃતિનો ભોગ આપવો પડે તેમ હોય તેમજ સરકારશ્રીના Ease of Doing Business ના સિદ્ધાંતની વિરુદધ જણાયેલ હોય તે માટે જે બિનજરૂરી વિગતો છે તેને માસિક પત્રકમાંથી બાકાત કરી વાર્ષિક પત્રકમાં સરળતાથી ભરી શકાય તેવા ફોર્મની રૂપરેખા બનાવવા તેમજ હાલના માસિક પત્રકને યથાવત રાખવા એસોસિયેશનના પત્ર તા. ૨૯.૯.૨૦૨૦ થી રજૂઆત કરવામાં આવેલ છે.

આ ‘‘ખનિજ પત્રિકા’’ પ્રસિદ્ધ કરવામાં એસોસિએશનના શ્રી જે.વી. ભટ્ટ, ખનિજ સલાહકાર તથા શ્રી કે.એન. પટેલ, ચેરમેન, લીગલ કમિટી તથા ખનિજ ઉદ્યોગકારોએ જાહેરાત પ્રવાહ શરૂ કરી ત્રિમાસિક પ્રકાશનને તાંત્રિક, સુદઢ અને માહિતીસભર બનાવવાના એસોસિયેશનના પ્રયાસને સભ્યશ્રીઓએ આવકર્યો છે. વાંચકવર્ગ તરફથી સૂચનો આવકાર્ય છે.

આપ સૌના સઅહકારની અપેક્ષા સહ,



**પી. એન. રાવ**
પ્રમુખ



**શ્રી જે. વી. ભટ્ટ**
(એમ.એસ.સી.)
**(મિનરલ કન્સલ્ટન્ટ)**
(મો.) ૯૯૭૯૮૬૬૦૯૭

'કોવિડ-૧૯' વાઇરસના ગ્રહણથી ખાણ-ખનિજ ક્ષેત્રની ઉત્પાદન તથા આર્થિક ક્ષમતા પર લાંબી અસર નિવારવા કેન્દ્ર સરકારના નાણાં વિભાગ દ્વારા આર્થિક પોષણ યોજનાઓ કોલસા, બોક્સાઈટ ખનિજ માટે તથા SME Sectors માટે બહાર પાડવામાં આવી છે. રાજ્યના ખનિજ આધારિત ઉદ્યોગોને વ્યાજ તથા લોન માટેની સુવિધાઓ રાહતના દરે ઉપલબ્ધ કરવામાં આવી છે.

આત્મનિર્ભર પગલાંના ક્ષેત્રે ૨૧ ઓગસ્ટ ૨૦૨૦ ના દિવસે "FIMI" દિલ્હી દ્વારા Liveraging Indian Bauxite Industry for "Atmanirbhar" વીડિયો સેમિનાર ઘણો માર્ગદર્શક તથા સરકારી ક્ષેત્રે સૂચિત પગલાંની ભલામણ અસરકારક બને તેમ હતો. બીજો રોયલ્ટી ઉપર G.S.T. રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર જે આકારે છે તેની છણાવટ તજજ્ઞ દ્વારા કરાતાં દરના વાજબીપણ પર ભાર મૂક્યો હતો. ખનિજ તથા ખાણક્ષેત્રના ભાગીદારોના પ્રશ્નો તથા મૂંજવાણોનો સુપ્રીમ કોર્ટના આધારે ખુલાસા કરાયા હતા.

"ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડના" યોગ્ય ઉપયોગ માટે "પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના" સપ્ટેમ્બર ૨૦૧૫માં ત્રણ મુખ્ય ઉદેશો નક્કી કર્યા છે. આ માટે રાજ્ય સરકારે વાર્ષિક યોજના જે તે ક્ષેત્રની ગ્રામ પંચાયતની ભલામણોના આધારે પીવાના પાણીની સુવિધા, જાહેર ક્ષેત્રોની સ્વછતા, ગંદા પાણીના નિકાલ, આરોગ્યની જાળવણી માટેના ક્ષેત્ર નક્કી કરાયા છે, જીલ્લા કક્ષાએ આ ફંડના વહીવટ માટે દિનપ્રતિદિન "વેબસાઇટ પર" રકમના આવક જાવક, ખર્ચ તથા પ્રોજેક્ટ નું નિરૂપણ કરવાનું રહે છે.

રાજ્યના ખનિજ સમૃદ્ધ કચ્છ, બનાસકાંઠા, ગીરસોમનાથ, પોરબંદર જેવા જિલ્લાઓની ઊંચી આવકોના વહીવટમાં "GUJMIN" ના પ્રતિનિધિની નિયુક્તિ તથા જીલ્લા ખનિજ અધિકારીનું સામેલપણું, અગત્યનું પાસનુ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૨૦૧૦માં ખાનગી માલિકીની જમીનબિન ખાણકામ થયેલ ખનિજના ઉત્પાદન માટે, રેતી, બ્લેકટ્રેપ સિવાયની ખનિજની "હરાજી પદ્ધતિ"માં વેગ લાવી અન્ય બેન્ટોનાઈટ, ચાઈનાક્લે, સિલિકા સેન્ડ, માઈનોર મિનરલ્સ ઉત્પાદન માટે ખાનગી માલિકીની જમીનમાં G1 અને G2 સંશોધન ક્ષેત્રનું કામ હાથ ધરી તાત્કાલિક ઉપરોક્ત ખનિજના ઉત્પાદનમાં વેગ આવતાં ખનિજ આધારિત સિરામિક તથા કાચ ઉદ્યોગોની કાચા માલની માંગની ઘટ પૂરી થશે.

સૂચિત ભલામણ માટે "મિનરલ એડ્વાઇઝરી કમિટી" ની દર ત્રણ માસે ચર્ચા બેઠક તથા ભલામણની અમલવારી નિયત સમયમર્યાદામાં કરતાં "બિનઅધિકૃત ખાણકાર્ય"નું દૂષણ નાથવામાં પગલાં ભરાશે તથા મહેસૂલી આવક વધશે.

હવે પછીનો અંક મિનરલ ટેસ્ટીંગનો વિશેષાંક રહેશે.






## About Ashapura Group

With a legacy of more than 60 years, Ashapura is a leading multi-mineral solutions provider with a global footprint, having a wide network of operations in several states within India and in 7 other countries.

We at Ashapura provide a wide range of solutions that touch billions of lives, every moment, every day! From soaps to steel, energy to edible oils, metal to medicine and from cement to ceramics, we have vicariously become an integral part of your life by offering intermediate mineral solutions, ores and additives to several industries.

Our captive mineral resources, state-of-the-art manufacturing base, cutting edge research capabilities, logistical prowess and 2,400 dynamic, progressive, result oriented employees accord us global leadership in several segments.

Ashapura means "Fulfilling Aspirations"; we believe that sustainable growth occurs only when we fulfill aspirations of all our stakeholders such as customers, employees, shareholders, the environment and the society at large.

*Domain Leadership*

- → World's 3rd largest producer of Bentonite
- → World's 3rd largest Bleaching Clay producer
- → India's largest producer of refractory materials
- → India's largest producer of proppants



Ashapura Group of Industries
278, Jeeven Udyog Building, Dr D. N. Road, Fort, Mumbai - 400 001, India
Tel - +91-22-6665 1700
info@ashapura.com www.ashapura.com

ASHAPURA
Group of Industries

## MINERAL VALUE ADDED PRODUCTS PROJECTS
### Concepts to Commissioning

- Sourcing raw materials with acquisition of captive mines / quarry.
- Selection of equipments, machineries, machineries with evolution of flow – sheet of mineral processing.
- Technology tie – ups
- Mineral projects feasibility AND MINERAL PROJECTS PROFILE.
- Marketing for the end – product and minerals.
- Appraisal of Laboratory Analysis & eraction..
- Geological mapping, Industrial mineral prospecting.
- Mineral trading.

Please contact for more details :-

**J.V. BHATT**

***Mineral Consultant***

Ex-Additional Director, Commissioner of Geology & Mines, Government of Gujarat,
Ex- General Manager, Industrial Extension Bureau (INDEXTb), Gandhinagar
Panel Expert : GITCO Ltd.,

**J.V. BHATT**

***Mineral Consultant***

**BHUVANESHVARI MINERAL CONSULTANCY**

212, Sur-Sarthi Business Management Centre, Opp. Central Bank of India, Ambawadi Circle,
Ahmedabad – 380006. **Phone :** (079) 2646 5570 **Mob.:** 99798 66097
**Email :** jvbhattmc@yahoo.com, **Website :** www.jvbmineralprojects.com


## શ્રી પદુભાઇ રાયચુરા દ્વારા પ્રસિદ્ધ કરાયેલાં પાંચ પુસ્તકોનું વિમોચન.



પોરબંદર જિલ્લાના ઉદ્યોગપતિ અને ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના ફંડ રેઝિંગ કમિટીના ચેરમેન શ્રી પદુભાઈ રાયચુરા દ્વારા સંકલિત “ગૃહ ઉદ્યોગ-૧૦૦” નામનાં પ્રકાશિત કરાયેલ ચાર પુસ્તક તથા “ઘડતરના અનુભવો”નું વિમોચન સન્માન મહાનુભાવના વરદ હસ્તે પોરબંદર ખાતે કરવામાં આવેલ. શ્રી પદુભાઈના ભગીરથ પ્રયાસથી આ પુસ્તકો યુવાનો તથા મહિલાઓમાટે ખૂબ જ ઉપયોગી નીવડશે તે બદલ તેમને અભિનંદન તથા આવાં વિશિષ્ટ પ્રકારનાં ઉપયોગી કાર્ય કરતાં રહે તેવી શુભ કામના.

## ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓને વાર્ષિક લવાજમ જમા કરાવવા - વિનંતીપત્ર

જય ભારત સાથે જણાવવાનું કે એસોસીયેશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક લવાજમના ઈન્વોઇસ મોકલી આપવામાં આવ્યાં. જે અન્વયે એસોસીયેશનના લિમિટેડ કંપનીના સભ્યોએ સભ્યદીઠ વાર્ષિક લવાજમ પેટે રૂ. ૫૦૦૦/- અને લિમિટેડ કંપની સિવાયના સભ્ય પાસેથી દર વર્ષ વાર્ષિક રૂ. ૨૦૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭થી લેવાનું કરાવેલ છે. જેથી સભ્યશ્રીઓને ચાલુ વર્ષની તથા અગાઉના વર્ષની બાકી રહેલી વાર્ષિક લવાજમની રકમ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન વિજ્ઞપ્તિ

૧. ગુજરાત રાજ્યના તમામ ખનિજ ખાણધારકો, ખનિજ ઉદ્યોગકારો, ખાણ-ખનિજ સલાહકારને તથા ખાણ ઈજનેર ઈન્ડિયાના અમદાવાદ ચેપ્ટર નીચે કામ કરતાં સ્થાનિક કેન્દ્રોને જણાવવાનું કે આપના ઉદ્યોગને લગતા નીતિવિષયક, કાયદાવિષયક અથવા આ અંગે કોઈ સૂચન હોય તો ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન કાર્યાલય, અમદાવાદ ખાતે ઈ-મેઈલ (gujmin@gmail.com) દ્વારા અથવા પોસ્ટ દ્વારા મોકલી આપવા વિનંતી છે. આ સૂચનો 'ખનિજ પત્રિકામાં છાપવા યોગ્ય સલાહકાર મંડળને લાગશે તો 'ખનિજ પત્રિકા'માં પ્રસિદ્ધ કરવામાં આવશે, જેની તમામ વાંચકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

૨. 'ખનિજ પત્રિકા'ને આર્થિક રીતે સુદઢ બનાવવા માટે સભ્યશ્રીઓએ પોતાના ઉદ્યોગ સંસ્થાની જાહેર ખબર આપવા અપીલ છે.

૩. 'ખનિજ પત્રિકા' વાંચી પોતાનાં અભિપ્રાય-સૂચનો મોકલવા વિનંતી, જેથી 'ખનિજ પત્રિકા'ને વધુ ઉપયોગી બનાવી શકાય. જિલ્લા કક્ષાએ કાર્યરત મંડળો તેમજ ખાણ કેન્દ્ર પરના ખનિજ ભાવ ત્રિમાસિક મોકલાવે તો ગુજરાતના ખનિજ ઉદ્યોગો સક્રિય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરીફાઈ કરવા સક્ષમ બનશે.

## "ખનિજ પત્રિકા"માં જાહેરાતના દર નીચે મુજબ છે.

| વિગત | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ |
|---|---|---|---|
| આગળનું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| આગળનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લા પાનનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| અંદરનું ફૂલ કલર પાનું | ૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૮,૦૦૦ |
| અંદરનું અડધું પાનું | ૫,૦૦૦ | ૮,૦૦૦ | ૧૦,૦૦૦ |

## Subscription Rates for "Khanij Patrika" (for other than Gujmin Members)

| Period | Rate | Discount given- |
|---|---|---|
| Single issue | 100/- | - |
| 1 year | 360/- | 10% |
| 2 years | 680/- | 15% |
| 3 years | 960/- | 20%- |
| Life time subscription | 5000/- | - |

# આત્મ નિર્ભર ભારત, આત્મ નિર્ભર રાજ્ય
# આત્મ નિર્ભર કુટુંબ, આત્મ નિર્ભર વ્યક્તિ




**પદુભાઈ રાયચુરા**
મો.: ૯૮૨૫૨ ૩૦૪૮૩
e-mail : pkraichura2009@gmail.com
**પોરબંદર જીલ્લાના ઉદ્યોગપતિ અને ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન ના ફંડ રેઝીંગ કમિટ્ટીના ચેરમેન**


કોઈ પણ સમૃદ્ધ દેશ જ શક્તિશાળી બની શકતો હોય છે, પરંતુ આ સમૃદ્ધિશાળી દેશ બનાવવામાં માત્ર જે તે દેશની સરકારની જેટલી અગત્યતતા છે તેનાથી વધુ તે દેશની તે પ્રજાની અગત્યતા હોય છે. પ્રજાની સમૃદ્ધિનાં અનેક ક્ષેત્ર હોય છે. ખેતી, ઉદ્યોગો, સેવાકીય નિકાસ વગેરેના જબ્બર વિકાસથી દેશની તે સમૃદ્ધિ પૂરતું બળ મળી શકે છે, પરંતુ આ તમામ ક્ષેત્રો સાથે સંકળાયેલા લોકોની જ સમૃદ્ધિ વધી શકે તે આ વિષયનું ઉધાર પાસું છે, જ્યારે સમસ્ત પ્રજા ખૂબ ઊંચી આવકો મેળવી શકે, તો, તે સમગ્ર રાષ્ટ્રની તમામ પ્રજાની સમૃદ્ધિ જો ઉંચી હોય તો આ રાષ્ટ્રનો પાયો ઘણો જ મજબૂત બની શકે એ સ્વાભાવિક છે.

આપણાં દેશમાં ગૃહઉદ્યોગ દ્વારા દરેક કુટુંબ જો સમૃદ્ધિ મેળવવાનાં રસ્તે આગળ વધે તો એવો એક અંદાજ છે કે આશરે ૨૦ કરોડ બહેનો આ બાબતમાં ઘણું સારૂં રિઝલ્ટ આપી શકે તેમ છે. ભારતની બહેનોનાં સંસ્કાર ખૂબ ઊંચા છે. દરેક બહેનો પોતાના કુટુંબની વધુ આવક માટે હંમેશા પ્રયત્નશીલ રહેતી હોય છે અને તેથી જ આપણે જોઈ શકીએ છીએ કે ગૃહઉદ્યોગ દ્વારા પાપડ-ખાખરા, સેવ, અથાણાં, મસાલા નાના-મોટા સિલાઈકામ, ચણિયા અને લેંગી-બ્લાઉઝનાં સિલાઈકામ, અગરબતી, મીણબતી, ટ્યૂશન ક્લાસ, દૂધની ડેરી વગેરે દ્વારા કંઈક આવક મેળવવા પ્રયત્નશીલ રહેતી હોય છે. પરંતુ આ બધાં ચીલાચાલુ ગૃહ ઉદ્યોગો દ્વારા તેઓ આશરે ૧૦૦૦થી ૩૦૦૦, ૫૦૦૦ સુધીની માસિક આવક મેળવી શકતા હોય છે. જે આજના સમયમાં ઘણી ટૂંકી આવક ગણાય. અલબત્ત કચ્છ જિલ્લામાં બનતા બહેનો-ભાઈઓનાં નવરાત્રિ જેવા ફેસ્ટિવલ માં પહેરવાનાં ડ્રેસો ટુંકી આવક ગણાય. અલબત કચ્છ જીલ્લામાં બનતા બહેનો-ભાઈઓનાં નવરાત્રિ જેવા ફેસ્ટીવલ માં પહેરવાનાં ડ્રેસો પણ આ બહેનોની મહેનત દ્વારા બને છે, પરંતુ તેમાં આવા ગૃહઉદ્યોગોમાં ખૂબ ઓછી આવક, હરીફાઈ, કામ મળવાની અનિશ્ચિતતા પણ બહેનોનો માટે અનેક પ્રકારે વિપત્તિઓ ઉભી કરે છે!

મારે બિઝનેસના કારણે પાંચ વખત ચીનની મુલાકાતે જવું પડેલું ત્યારે મળેલા ફ્રી ટાઈમમાં મેં સર્વે કર્યું, જાણ્યું-જોયું તો જણાયું કે ત્યાંની બહેનો પાસે આશરે ૧ લાખ પ્રોડક્ટો છે, જ્યારે આપણાં બહેનો પાંસે વધુમાં વધુ ૨૦-૨૫ પ્રોડક્ટ છે!

આ વિચારથી પ્રેરાઈને 'કોરોના'નાં ૨ માસના વેકેશનમાં મેં યુટ્યૂબ ઉપરથી અનેક ગૃહઉદ્યોગો તેમજ અન્ય પુષ્કળ માહિતી એકઠી કરી અને સ્ટોર કરી છે.

આપ માનશો? આશરે ૨૫૦૦થી વધુ ગૃહઉદ્યોગો મને જોવા મળ્યા. ઉપરાંત હસ્તકલા કે જેમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શકાય તેવા ૧૨૦૦થી વધુ આઈડિયા મળ્યાં. જ્યારે હોમ એટલે કે ઘરમાં અનેક ઉપયોગી કાર્યો સહેલાઈથી કેમ થાય તેનાં, હેલ્થ એટલે કે નાના-મોટા શારીરિક તંદુરસ્તીના અનેક નુસખાઓ, રેસિપી કે જેના દ્વારા માત્ર પોતાના કુટુંબ માટે સાથે-સાથે અનેક પ્રકારની મિઠાઈ, ફરસાણ બનાવી ગૃહઉદ્યોગ કરી શકાય તેવા આઈડિયા અને જો ગૃહઉદ્યોગ ના કરવો હોય તો હોલસેલમાં માલ મંગાવી નાનો વ્યાપાર કરી શકાય-આવા દરેક વિષયના ૧૨૦૦-૧૫૦૦ આઈડીયાઓ મને જોવા મળ્યા, જે મેં સ્ટોર કર્યો.

છેલ્લા ૫૦ વર્ષથી ઉદ્યોગો સાથે સંકળાયેલ હોવાથી મને આ બધું મેળવવું બહુ અઘરું ના પડ્યું! અને આખરે તેની બુક બનાવી દરેક ગરીબ અને મધ્યમવર્ગના કુટુંબમાં પહોંચે તે માટે અતિ ઓછી કિંમત - માત્ર રૂ. ૫૦ માં આ નક્કી કર્યું એટલું જ નહીં અત્યારે બુકના ૧-૨-૩-૪ બહાર પડી છે જે દરેકમાં ૧૦૦ ગૃહઉદ્યોગો ઉપરાંત ૧૫૦ ઉપર લખેલા વિષયનો સમાવેશ કરવાથી ૧૫૦ નવા આઈડિયા મળી શકે છે. દરેક બુકમાં આ રીતે ૨૫૦ નવા આઈડિયા, આ ૪ બુકમાં ૧૦૦૦ નવા આઈડિયા આપવાનો મારો પ્રયાસ છે.

આ બાદ અત્યારે બુકનાં ૫-૬-૭-૮ પ્રિન્ટિંગમાં છે. બુકનં. ૯-૧૦-૧૧-૧૨નું ટાઈપિંગ કામ ચાલે છે અને જરૂરિયાતમંદ બહેનો સુધી આ તમામ બુકો ઓછી કિંમતે પહોંચે તે માટે ૧૦ સેટ એટલે કે બુકોમાં ૪૦થી ૫૦ ટકા જેટલું ડિસ્કાઉન્ટ પણ આપવાનું ચાલુ કર્યું છે.

આ બુકનાં પ્રકાશક બગસરાનું વિશ્વવાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ છે, જેઓ બહેનોને રોજગારી આપવા વર્ષોથી પ્રયત્નશીલ છે. અત્યારે પ્રકાશિત થયેલી આ ગૃહ ઉદ્યોગ-૧૦૦ નામની ૪ બુક સિવાય એક મારા પોતાના જીવન ઘડતરમાં અગત્યનો હિસ્સો બનેલ છે તે મારા જીવનમાં મારા દ્વારા થયેલા કેટલાક બિઝનેસ અને કેટલાંક સામાજિક કાર્યોના અનુભવ આધારિત બુક "ઘડતરનાં અને અનુભવો" પણ મેં પ્રકાશિત કરેલ છે.

જેમાં ખાસ તો પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મસ્થળે રહેલા અતિ જીર્ણ થઈ ગયેલા, ખૂબ નાની સાઈઝનાં આશરે ૨૫૦ ફોટોગ્રાફને એનલાર્જ કરાવી કાયમી સ્મૃતિ માટે બનાવેલું ફોટો ગેલેરી અનેરું છે, જેનું ઉદ્‌ઘાટન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલું ત્યારે તેમનો પ્રતિભાવ હતો કે શું ચેમ્બરો આવાં કાર્યો પણ કરી શકે છે?

આ પહેલાં પણ નાના ઉદ્યોગો જે ફેઈલ થયા છે તેવા ૪૩ સ્મોલ ઉદ્યોગોના સ્ટડી કેસની બુક "વલોણું" - જેની ૫ આવૃત્તિ છપાઈ છે. તે બાદ "સમૃદ્ધ ભારત-વિકાસનાં ૫૦ સૂચનો" પણ મેં પ્રકાશિત કરી છે જેમાં આપણા રાષ્ટ્રિય પ્રશ્નોનો વિદેશીઓએ કઈ રીતે ઉકેલ કાઢેલા છે તે જણાવેલું છે.

ઉપરાંત મારા લોહાણા જ્ઞાતિ માટેની "સાંપ્રત લોહાણા સમાજ-પ્રશ્નો-ઉકેલો, વિકાસ અનેક વિશિષ્ટતાઓ" પણ પ્રસિદ્ધ કરી છે. ■

# માલિકીની જમીનમાં ખનિજ પટ્ટાઃ સમીક્ષા



કે. એન. પટેલ
M.Sc. (Geology)
મો.: ૯૪૨૭૭૧૦૩૦૬
e-mail : knpatel2007@gmail.com

**પ્રસ્તાવનાઃ**

ખનીજો એ અમૂલ્ય કુદરતી સંપત્તિ છે. ભારતના સંઘીય માળખામાં રાજ્ય સરકાર સંબંધિત રાજ્યની સીમામાં સ્થિત ખનીજોના માલિકો છે. જ્યારે દરિયાના પેટાળમાં ટેરીટોરિયલ વોટર તેમજ વિશિષ્ટ ઇકોનોમિક ઝોનમાં મળી આવતા ખનીજોની માલિકી કેન્દ્ર સરકારશ્રીની છે. ખનીજોના વિકાસ અને નિયમનની બાબત ખૂબજ અગત્યતા ધરાવે છે, જેની જવાબદારી કેન્દ્ર તથા રાજ્ય સરકાર હસ્તક વહેચાયેલી છે. માઇન્સ એન્ડ મિનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૧૯૫૭ ખાણોના નિયમન અને ખનીજોના વિકાસ માટે કાનૂની માળખું પૂરું પાડે છે.

કેટલાક વિસ્તારમાં વ્યક્તિગત ઇસમા પણ તેઓની ખાનગી માલિકીની જમીનમાં ખનીજ હકો ધરાવતા હોય છે. આવા વિસ્તારમાં પ્રોસ્પેક્ટિંગ લાઇસન્સ અથવા માઇનીંગ લીઝ મંજૂર કરવા તે ઇસમને સરકારશ્રી દ્વારા અધિકૃત કરવાની જોગવાઈ છે અને તેઓ દ્વારા પટ્ટા મંજૂર કરવાની પ્રક્રિયા એમ.સી. આર.- ૨૦૧૬ના પ્રકરણ-૯માં આપવામાં આવેલ છે. જોકે ગુજરાત રાજ્યમાં આવા કોઇ વિસ્તાર નથી. રાજ્યમાં અગાઉ જાગરદારો તથા ઇનામદારો ખનીજ હકો ધરાવતા હતા, પરંતુ તા. ૦૮.૧૨.૧૯૮૧થી બોમ્બે લેન્ડ રેવન્યૂ કોડ અને લેન્ડ ટેન્યોર એબોલિશન એક્ટ-૧૯૮૨ હેઠળ તેઓના ખનીજ હકો નાબૂદ થતાં (લેન્ડ રેવન્યૂ કોડ-૬૯એ) રાજ્યના તમામ વિસ્તારમાં ખાણ અને ખનીજ હક્કો રાજ્ય સરકારશ્રી હસ્તક નિહિત છે.

રાજ્યમાં વિવિધ પ્રકારનાં ખનીજોનો વ્યાપ ભૂસ્તરીય પરિબળોના આધારે સરકારી જમીન, જંગલની જમીન તથા ખાનગી માલિકીની જમીનમાં વિસ્તરેલ હોય છે, પરંતુ સમગ્ર વિસ્તારમાં મળી આવતા ખનીજોનાં પટ્ટાઓ મંજૂર કરવા રાજ્ય સરકારશ્રી સત્તા ધરાવે છે. ખનીજ સભર જમીનની માલિકી હોવાના લીધે કોઇ પણને ખનીજ પટ્ટા મળવા પ્રાધાન્ય અધિકાર મળતા નથી.

ગુજરાત રાજ્યમાં લિગ્નાઇટ, બોક્સાઇટ લાઇમસ્ટોન, બેઝ મેટલ, મેંગેનીઝ ઓર વગેરે મુખ્ય ખનીજો અને સિલિકા સેન્ડ ચાઇના ક્લે, ફાયર ક્લે, બેન્ટોનાઇટ, ચોક, લેટેરાઇટ, માર્બલ, ગ્રેનાઇટ, બિલ્ડિંગ સ્ટોન, બ્લેક ટ્રેપ, સામાન્ય રેતી વગેરે ગૌણ ખનીજો મળી આવે છે. માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૧૫, તા. ૧૨.૦૧.૨૦૧૫થી એકમાત્ર ઓક્શન પદ્ધતિથી માઇનિંગ લીઝ અને પ્રોસ્પેક્ટિંગ લાઇસન્સ કમ માઇનિંગ લીઝ (કમ્પોઝિટ લાઇસન્સ)ની ફાળવણી કરવાની જોગવાઇ અમલમાં છે. ઓક્શન પદ્ધતિના અમલ માટે કેન્દ્ર સરકારે ઓક્શન રૂલ્સ-૨૦૧૫ જાહેર કરેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો-૨૦૧૭માં પણ ગૌણ ખનીજોની ક્વોરી લીઝ ઓક્શન પદ્ધતિથી મંજૂર કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે, પરંતુ સફળ બિડર પાસે લીઝ હેઠળની ખાનગી માલિકીની જમીનના સરફેસ રાઇટ હોવા જોઇએ અથવા તો આવી જમીનમાં દાખલ થવા તેમજ માઇનિંગ પ્રવૃત્તિ માટે જમીન માલિકની સંમતિ મળવી જરૂરી છે. આ સ્થિતિ ખાનગી માલિકીની જમીનમાં ખનીજોનાં વિકાસ અને ઝડપી ઉત્પાદન માટે અવરોધરૂપ છે.

**પ્રવર્તમાન ખનીજ કાયદા/નિયમો હેઠળ જોગવાઇઓ :**

હાલમાં પ્રવર્તમાન ખનીજ કાયદા/નિયમોમાં ખનીજસભર ખાનગી માલિકીની જમીનમાં જમીન માલિક/ કબજેદારને પ્રત્યક્ષ રીતે ખનીજ પટ્ટા મળે તેવી કોઇ જોગવાઇ નથી, પરંતુ પરોક્ષ ધોરણે ગૌણ ખનીજના પટ્ટા મળવાની જોગવાઇઓ છે.

**મુખ્ય ખનીજ :**

એમ.એમ.ડી. આર. એક્ટ-૧૯૫૭ની કલમ-૧૩ હેઠળ મળેલ સત્તાની રૂએ મુખ્ય ખનીજોના પ્રોસ્પેક્ટીંગ લાયસન્સ કમ માઇલીંગ લીઝ અને માઇનિંગ લીઝ મંજૂર કરવા અને નિયમન માટે કેન્દ્ર સરકારશ્રીએ મિનરલ કન્સેશન રૂલ્સ -૨૦૧૬ બનાવેલ છે અને ઓક્શનની પ્રક્રિયા માટે મિનરલ ઓક્શન રૂલ્સ-૨૦૧૫ બનાવેલ છે.

મુખ્ય ખનીજોના બ્લોકના ઓક્શનની પૂર્વ જરૂરિયાતમાં ધી મિનરલ્સ (એવિડન્સ ઓફ મિનરલ કન્ટેન્ટ) રૂલ્સ - ૨૦૧૫ હેઠળ ખનીજ પ્રસ્થાપિત કરવામાં આવેલ હોય તે વિસ્તારની ટોટલ સ્ટેશન અને ડી.જી.પી.એસ. થી ડિમાર્કેશન કરી વિસ્તારને જંગલની જમીન, સરકારી જમીન અને સરકારી સિવાયની જમીન તરીકે વર્ગીકૃત કરવાની જોગવાઇ છે. ઓક્શન કરવામાં આવતા બ્લોક્સમાં સમાવિષ્ટ ખાનગી જમીનના માલિક યોગ્યતા ધરાવતા હોય તો ઓક્શનમાં ભાગ લઇ શકે છે, પરંતુ ખનીજ પટ્ટા સફળ બિડરને જ મંજૂર કરવામાં આવે છે કે જે જમીન માલિક/કબજેદાર ન પણ હોય, જોકે ખાનગી માલિકીની જમીનમાં ઓક્શનથી માઇનિંગ લીઝ મંજુર થતા સફળ બિડરે એ જમીન માલિક/કબજેદારની સંમતિ મેળવવાની રહે છે. આવી સંમતિ વિલંબથી મળવાના કારણે અથવા તો ન મળવાના કારણે

માઈનિંગ લીઝ હેઠળની ખાનગી માલિકીની જમીનને ખાણકામ હેઠળ લાવી શકાતી નથી.

લીઝ હેઠળની ખાનગી માલિકીની જમીનમાં જમીન માલિકને ચૂકવવાનું વળતર રાજ્ય સરકારશ્રીના નિયુક્ત અધિકારીશ્રી દ્વારા નક્કી કરવાની જોગવાઇ તથા પટ્ટેદારશ્રી દ્વારા ચૂકવવાની પદ્ધતિ મિનરલ કન્સેશન રૂલ્સ-૨૦૧૬ના નિયમ-૫૨માં દર્શાવવામાં આવે છે.

**ગૌણ ખનીજ :**

એક્ટની કલમ-૧૫ હેઠળ મળેલ સત્તાની રૂએ ગૌણ ખનીજોના પટ્ટા મંજૂરી અને નિયમન માટે રાજ્ય સરકારશ્રીએ ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો-૨૦૧૭ અમલમાં મૂકેલ છે, જેમાં પણ ગૌણ ખનીજનાં પટ્ટાઓ ઓક્શન પદ્ધતિથી મંજૂર કરવાની જોગવાઈ કરવામાં આવે છે. જો કે જમીન માલિકને પટ્ટા મંજૂર કરવા પરોક્ષ ધોરણે જોગવાઇ કરવામાં આવેલ છે.

૧. ઓક્શન માટેના ખનીજસભર વિસ્તારના બ્લોકને જંગલની જમીન, સરકારી માલિકીની જમીન, સરકારી માલિકી સિવાયની જમીન અને શિડયુલ્ડ એરિયાની જમીન તરીકે વર્ગીકૃત કરી ડિમાર્કેશન કરવાની રહે છે. (નિયમ-૪(૨)(સી))

૨. શિડ્યુલ્ડ એરિયાની જમીન માટે ગ્રામસભાની પૂર્વમંજૂરી લેવાની રહે છે. (નિયમ-૪ (૨)(જી)) જે વિસ્તારમાં પ્રથમ તબક્કે તેવા ઇસમને પટ્ટા મંજૂર કરવાના રહે છે, જે શિડ્યુલ્ડ એરિયાનો અને શિડયુલ્ડ ટ્રાઇબના હોવો જોઇએ અને ટ્રાન્સફર પણ આવા ઇસમને જ કરી શકાય છે. (નિયમ-૪(૩))

૩. જે બ્લોક ઓક્શન માટે ડિમાર્કેટ કરવામાં આવેલ હોય અને સરકારશ્રી દ્વારા ઓક્શનની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોય તેવા બ્લોકમાં કોઇ પણ ઇસમ ૫૦ ટકાથી વધુ વિસ્તારની માલિકી ધરાવતો હોય અથવા સરફેસ રાઇટની લેખિત સંમતિ ધરાવતો હોય તેવા ઇસમને ઓક્શન પ્રક્રિયા પૂર્ણ થતાં રાઇટ ઓફ ફર્સ્ટ રિફ્યુઝલનો હક ક્વોરી લીઝ મંજૂર કરવા પ્રાપ્ત થાય છે. આવા ઇસમ દ્વારા નિયમો તથા ટેન્ડર ડોક્યુમેન્ટની જોગવાઇઓ પરીપૂર્ણ કરાતાં સફળ બિડર તરીકે જાહેર કરવામાં આવે છે અને ક્વોરી લીઝ મંજૂર કરવા હકદાર થાય છે. (નિયમ -૪ (૭))

૪. જે વિસ્તાર માટે ક્વોરી લીઝ મંજૂર કરવા દરખાસ્ત થયેલ હોય, જેની માલિકી ખાનગી ઇસમની હોય તો સરકારશ્રી દ્વારા ઓક્શનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આવા વિસ્તારમાં પણ જમીન માલિકને રાઇટ ઓફ ફર્સ્ટ રિફ્યૂઝલનો હક્ક ક્વોરી લીઝ મંજૂર કરવા પ્રાપ્ત થાય છે. (નિયમ-૪.(૮))

૫. ઇ-ઓકશન પછી ખાનગી જમીન માલિક સફળ બિડરને જમીન આપવાની સંમતિ ન આપે તેવી સ્થિતિમાં જમીન માલિકે તેઓનો વિસ્તાર લીઝ વિસ્તારમાંથી બાદ કરવા સરકારશ્રીને અરજી કરવાની રહે છે અને રાજ્ય સરકારશ્રીને અરજદારે રજૂ કરેલ કારણોથી સંતોષ થાય તો લીઝ વિસ્તારમાંથી બાકાત કરવાની અરજી ગ્રાહ્ય રાખી શકે છે. (નિયમ-૧૩.(૩))

૬. જો જમીન માલિક/કબજેદાર ઓછા વળતરના કારણે સરકારશ્રીએ મંજૂર કરેલ સફળ બિડરને ખાણકામ માટે જમીન આપવાની ના પાડે તો સરકારશ્રી યોગ્ય વળતરના ધોરણે જમીન લીઝ હેઠળ આવા હુકમ કરી શકે છે. આવા વળતરની રકમની આકારણીમાં સરકારશ્રીએ જમીન અધિગ્રહણ, પુનર્વસવાટ અને પુનર્વસન કાયદા-૨૦૧૩ના અધિકાર વળતર અને પારદર્શિતાના સિદ્ધાંતોની જોગવાઇઓ ધ્યાને લેવાની રહે છે. (નિયમ-૧૯.(૬))

૭. જો જમીન માલિક સરકારશ્રીએ મંજૂર કરેલ લીઝધારકને ખાણકામ માટે સંમતિ આપવાની ના પાડે અને સરકારશ્રીને રજૂ કરેલ કારણોથી સંતોષ થાય તો આવી જમીન લીઝમાંથી બાકાત થઇ શકે છે અને લીઝના ડિમાર્કેશનમાં ફેરફાર થાય છે. (નિયમ-૧૯. (૭))

**જમીન માલિક/ કબજેદારને લીઝના હક્ક માટે પુનઃવિચારણા :**

ખનીજસભર ખાનગી માલિકીની જમીનમાં, જમીન માલિક/કબજેદારને લીઝ મળવા મુખ્ય ખનીજમાં કોઇ જોગવાઇ નથી જ્યારે ગૌણ ખનીજમાં પણ પરોક્ષ જોગવાઇ છે, જેમાં રાઇટ ઓફ ફર્સ્ટ રિફ્યૂઝલનો હક્ક ઓક્શનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઊભો થાય છે, જેના કારણે ખાનગી માલિકીની જમીનને ખાણકામ હેઠળ લાવવામાં ખૂબ જ વિલંબ થાય છે. જેથી આવા વિસ્તાર માટે એક્ટ તથા રૂલ્સમાં જરૂરી જોગવાઇ થવી અત્યંત આવશ્યક છે.

૧. ખાનગી માલિકીની જમીનમાં લીઝ મંજૂર કરવા માટે સરકારશ્રી કક્ષાઓથી એક સ્પષ્ટ નીતિ નક્કી થવી જોઇએ, જેમાં જમીન માલિક/ કબજેદાર પણ લીઝ મેળવવા હકદાર થવા જોઇએ, જેથી આવા વિસ્તાર ખાણકામ હેઠળ સત્વરે લાવી ઉત્પાદનમાં વધારો કરી શકાય.

૨. સરકારશ્રી દ્વારા ખનીજ વાર પ્રીમિયમ પ્રાઇસ નક્કી કરીને ઓક્શનની પ્રક્રિયામાં ગયા સિવાય સીધેસીધા લીઝ મંજૂર કરવા એક્ટ/રૂલ્સમાં જોગવાઇ થાય તે જરૂરી છે, જેથી ખાનગી માલિકીનો ખનીજસભર વિસ્તાર ખનીજ ઉત્પાદન હેઠળ લાવી શકાય.

૩. કેન્દ્ર સરકારશ્રીએ ઓક્શન બાદ સફળ બિડર એ માઇનિંગ ઓપરેશન શરૂ કરતાં પહેલાં લેવી પડતી વિવિધ મંજૂરીઓ/ સંમતિઓ/પરવાનગીઓ/ના વાંધા પ્રમાણપત્ર વગેરેમાં થતા વિલંબને નિવારવા, રાજ્યએ ઓક્શનની પ્રક્રિયા પ્રી-એમ્બેડેડ ક્લિયરન્સીસ મેળવ્યા બાદ હાથ ધરવા તા. ૦૩.૦૬.૨૦૨૦ના હુકમથી માર્ગદર્શિકા બહાર પાડેલ છે અને તેને અનુસરવા રાજ્ય સરકારોને જાણ કરેલ છે જેમાં માઇનિંગ માટે લેન્ડ રાઇટ મેળવવાની પ્રક્રિયા સમય માગી લે તેવી હોઇ રાજ્ય સરકારશ્રીએ પ્રથમ સરકારી તથા ખાનગી માલિકીની જમીનો માટે સરફેસ રાઇટ મેળવવા જણાવેલ છે. જો કેન્દ્ર સરકારશ્રી આગળ વધીને ખાનગી માલીક/ કબજેદારને લીઝ મેળવવાના હક્ક આપવામાં આવે તેવી

જોગવાઇ એક્ટ/રૂલ્સમાં કરે તો આવા વિસ્તાર ઝડપથી ખાણકામ હેઠળ લાવવાનો હેતુ પરીપૂર્ણ થાય.

૪. મિનરલ આધારિત ઔદ્યોગીક એકમોએ પણ તેઓના પ્લાન્ટમાં કાચામાલનો પુરવઠો ચાલુ રહે તે માટે ખનીજસભર ખાનગી માલિકીની જમીનોમાં સરફેસ રાઇટ/સંમતિ મેળવેલ હોય તેવા વિસ્તારો પણ લીઝ હેઠળ લાવી શકાયેલ નથી. આવા વિસ્તારોમાં સરફેસ રાઈટ/સંમતી ધારક એકમો તરફથી વિનંતી મળે ત્યારે રાજ્ય સરકારશ્રીએ ખનીજ સંશોધન કરી લીઝ તેઓને મળે તેવી કાર્યવાહી કરવી જોઇએ.

૫. ગૌણ ખનીજના નિયમો બનાવવાની તમામ સત્તા રાજ્ય સરકારશ્રી હસ્તક છે. ગૌણ ખનીજની લીઝ ઓક્શનથી જ મંજૂર કરવી તેવી મજબૂરી નથી. પાડોશી રાજ્ય-રાજસ્થાન સરકારશ્રીએ ધી રાજસ્થાન માઇનોર મિનરલ્સ કન્સેશન રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૧૭એ હેઠળ ખાતેદારી જમીનમાં ગૌણ ખનીજની માઇનિંગ લીઝ અથવા ક્વોરી લાઇન્સન્સ ખાતેદારને મંજૂર કરવાની જોગવાઇ કરેલ છે. જેમાં વધુમાં વધુ ૪.૦૦.૦૦ હેક્ટર વિસ્તારમાં વાર્ષિક ડેડ રેન્ટ અથવા લાઇસન્સ ફીના પાંચ ઘણા જેટલી રકમ પ્રિમિયમ તરીકે વસૂલ કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય સરકાર પણ ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો-૨૦૧૭માં આ પ્રમાણે જોગવાઇ કરશે તો નાના જમીન માલિકો દ્વારા તેઓના ખનીજસભર વિસ્તાર ખાણકામ હેઠળ લાવી શકાશે અને સરકારશ્રીને રેવન્યુની આવક ચાલુ થઇ શકશે.

ઓક્શનથી લીઝની ફાળવણીની અમલવારીને પાંચ વર્ષ ઉપરાંત સમયગાળો થઇ ગયેલ છે, પરંતુ અપેક્ષિત પરિણામો મળેલ નથી, જેનાં પરિબળોમાં ખાનગી માલિકીના ખનીજસભર વિસ્તાર ખાણકામ હેઠળ લાવવામાં થઇ રહેલ વિલંબ પણ એક અગત્યનું પરીબળ છે. માઇનીંગ સેક્ટરમાં ખનીજોના ઉત્પાદનમાં પણ વેગ આવેલ નથી. જેથી ખાનગી માલિકીની જમીન માટે ખનીજ કાયદા/નિયમોમાં નીતિવિષયક નિર્ણય લઇ જરૂરી સુધારા કરવા સત્ત્વરે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માઈનિંગ સેક્ટરની જરૂરિયાત છે. ■

# Gujarat Bauxite Exploration, its challenges and remedial measures

By

**J. V. Bhatt**
Mineral Consultant
Bhuwaneshwari Mineral Consultants
212, Sur-Sarthi Business Management Centre
Ambawadi Circle, Ambavadi, Ahmedabad-380006
E-mail: jvbhatt_bmc@yahoo.com
Web. www.jvbmineralprojects.com
M. 9979866097



Commissioner of Geology & Mines, Govt. of Gujarat has done detailed exploration of Bauxite deposits and assessed 210 million tons reserves. The deposits are mainly concentrated in Kutch and Jamnagar districts coastal lateritic belt.

Bauxite exploitation is carried out by private sector in Jamnagar district since decade. Previously exploited high grade Bauxite was consumed by eastern sector refractory industry. Detailed prospecting in Kutch in private and government land revealed 40 million tons reserves. State Government reserved "Kutch Bauxite" for proposed one million Alumina project for "Gujarat Mineral Development Corporation" (GMDC). GMDC carried out "Techno feasibility study" for above project with America, France, Israel and NALCO. All study reports indicated insufficient reserves and high cost of electricity for its viability. Ghadhsisa Bauxite Project of GMDC calcinations plant of 50,000 MT capacity is also wind up for its viability.

Private sector abrasive, calcinations and refractory projects are in operation dependent on Jamnagar de reserved Bauxite deposits.

Exploitation generates metallurgical and non-metallurgical grade bauxite. Non plant grade has limited avenues.Gujarat Bauxite by its nature is packetized and generates 80% low grade non plant grade bauxite. It is consumed in cement, synthetic zeolite, emery and alum sectors.

**Challenges of Exploitation:-**

(1) Kutch Bauxite is reserved for GMDC proposed "Alumina Project" since 20 years.

(2) Private land concealed bauxite is not allowed easily for exploitation with new Auction policy.

(3) Pocketary nature does not allow large scale mechanized mining.

(4) Exploitation generates 80% low grade high silica, titanic, calcium bound bauxite.

(5) Low grade stacks have limited industrial applications and stacks cover large lease areas.

(6) Export duty of 15% is high to compete in the international market with Australia, Indonesia, and Guinea.

(7) Major Low grade export market share of China have been captured by Australia, Indonesia and Guinea.

(8) Covid-19 present situation with "China" Central Government will not encourage business with China refineries.

(9) State Mineral Policy "2003" encourages value added projects. It is not revised/update up till 17 (seventeen) years, nor any efforts by GMRD to sponsor any R&D schemes for low grade bauxite value added items to J.N.R&D.C.NAGPUR..

Remedial Measures:

Kutch Bauxite dereservation for private sector

need policy level decision at State and Central Government level to encourage huge private investment and employment. GMDC Bauxite Project becomes dormant level for seasonal fluctuations. No efforts to encourage R & D sponsor grade Bauxite, except one joint sector zeolite project.

Considering present scenario of high grade Bauxite consumption in refractory, alumina private sector has diverted to import Bauxite from Guinea.

(1) To utilize huge resources of non-plant grade bauxite (low grade, high silica), Commissioner, Geology & Mines, Government of Gujarat has to sponsor R & D Schemes to "Jawaharlal Alumina Research & Design Organization" (JNRDC) Nagpur.

(2) R & D schemes, e.g. lower sing silica, titans & calcium from non-plant grade, utilization of low silica grade form small scale Alumina production.

(3) Cheap technology development for 13A, 4A, Zeolite from non-plant grade bauxite for micro & small sector.

(4) Identification of R & D laboratories other than "JNRDC", Nagpur and R.R.L, Bhuwneshwar overseas market for cheap technology transfer.

(5) Allocation of special amount from D.L.F. fund amount of Kutch & Jamnagar districts for R & D of low grade bauxite.

(6) Commissioner, Geology & Mines, Government of Gujarat Laboratory (GMRD) should identify the schemes and sponsor schemes to utilize huge stacks of low grade bauxite.

(7) To attract investment in Bauxite based industries, e.g. refractory, Abrasive ceramic proppant, calcined alumina, tabular alumina, alumina chemicals by de reservation of "Kutch Bauxite" for private sector before coming "vibrant 2021" is to be carried out.

(8) To encourage 'covid-19' period, "Kalyanpur taluka of Jamnagar district and Abadasa taluka Bauxite Kutch mining centres" GMRD laboratory on war footing basis sponsor R & D identified schemes for "non plant grade" bauxite value added items, e.g. Zeolite, Ceramic Balls, Ferric Alum, Aluminum stearate, Aluminium Fluoride etc. for micro & small units.

**Action Plan:**

(1) Industries & Mines Department, Government of Gujarat should move to "Ministry of Mines", Government of India, to de reserve the "Kutch Bauxite" for attraction of investment in Mineral based industries in "Vibrant 2021" (By industry and mines dept of sachivalay.)

(2) "Gujarat Mineral & Research Development Centre" should identify low grade bauxite (non plant grade) R & D schemes for industrial applications and sponsor to "Jawaharlal Nehru Alumina Research & Development Centre", Nagpur from D.L.F fund of Kutch & Jamnagar or from R & D budget. (By C. G.M./G.M.R.D., Gandhinagar).

(3) Geology & Mines Department should evolve and update "Mineral Policy – Exploration by private sector in the private land can be given thrust for auction of more "Bauxite Blocks" and priority should be given to the prospected land owners, (By Geology & Mines Dept.)

(4) "G.M.R.D." should consult Bauxite experts, R & D professionals to identify the priority

scheme for low grade bauxite stacks (G.M.R.D.) Above actions will put economy on the road for investments and employment generation

(5) Private sector bauxite bearing land owners should jointly evolve proposal for prospecting and compile proposal for auction of land as per present policy with an aim to establish bauxite based project. (Action by Private Bauxite Land Owners)

(6) "Atmanirbhar" scheme, Government of India, intends to liberalize public sectors, Central and State Units mine reserved areas to private sector investment and employment generation. (Action by industry and mines dept of sachivalay) ■

# PRICE LIST



| MICRONISED MINERALS | RATE(Rs) (per/kg) | SPECIALITY CHEMICALS | RATE(Rs.) (per/kg) |
|---|---|---|---|
| BARYTES-WHITE & OFF | From 8.50 to 34 | ALLUMINIUM & CALCIUM SILICATES | 17 & 52 |
| BENTONITE - MICRONISED | 8 | ANTI SETTLING AGENT | 60 |
| CALCITE | From 4 to 10 | BARIUM SULPHATE PPT- BLANCFIX | 34 |
| CALCIUM CARBONATENATURAL | From 5 to 20 | CARBON BLACK (N-220 / 330 / SUPERFINE) | 45 |
| CALCINED CLAY | From 22 to 45 | EMULSIFIERS (OP-10 / NP-9.5) | From 120 to 150 |
| CHINA CLAY (KAOLIN) | From 6 to 40 | OPACIFIER (WHITE PIGMENT) | From 70 to 85 |
| SUB-MICRON CALCIUM CARBONATE-SMCC | 20 | RED OXIDE (SYN. & SEMI SYNTHETIC) | From 20 to 65 |
| DOLOMITE | From 3 to 6 | SOYA LECITHIN & PINE OIL | 75 |
| HYDROUS & SUPER GLOSSY CLAY | 40 | UTOX - MICRONISED | 80 |
| RED & YELLOW EARTH POWDER (NATURAL) | 9 | STEARTES (ALLUMINIUM, ZINC, CALCIUM) | From 82 to 120 |
| SOAP STONE / TALC | From 4 to 22 | SODIUM ALLUMINIUM SILICATE | 75 |
| SILICA (QUARTZ) | From 5 to 12 | SILICA POWDER - PPT | From 52 to 70 |
| SILICA SANDS (GRENUALS) | From 5 to 9 | TITANIUM DIOXIDE (ANATASE & RUTAILE) | From 180 to 220 |
| WHITTING OFF / WHITE | 5.50 | YELLOW OXIDE SYNTHETIC | 55 |
| MICA | 17 & 30 | WETTING , DISPERSING & LEVELLING AGENT (99.5 % SOLIDS) | 180 |
| GRAPHITE | 50 to 70 | | |

⇨ **FROM 300 MESH to 1 MICRONS**

Amgeen Minerals

## Lignite Price w.e.f 01.04.2020 for Non-Captive Customers due to TCS Price Structure Change

| | A | B | C | D | E | F | G | H | I | J | K | L | M | N | O |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Mine Location | Grade | Basic | Mine Closure | Royalty @6%B | NMET @ 2% D | DMF @ 30% D | Assessibie total (B+C+D+E+F) | GST Compe nasatary Cess | SGST @ 2.5% G | CGST @ 2.5% G | IGST @ 5% G for OGS | SUBTOTAL = G+H+I+J+K | TCT @ 1% G | Net Total = L+M | ROUND |
| Bhavnagar | $BA_T$ | 1375 | 198 | 82.50 | 1.62 | 24.75 | 1681.90 | 400 | 42.05 | 42.05 | 0 | 2166.00 | 16.82 | 2182.82 | 2182 |
| | $BB_T$ | 1705 | 198 | 102.30 | 2.05 | 30.69 | 2037.04 | 400 | 50.95 | 50.95 | 0 | 2539.94 | 20.38 | 2560.32 | 2561 |
| | $BC_T$ | 3570 | 198 | 214.20 | 4.28 | 64.26 | 4050.74 | 400 | 101.27 | 101.27 | 0 | 4653.28 | 40.51 | 4693.79 | 4694 |
| Mata No Madh | $MA_T$ | 1540 | 176 | 92.40 | 1.85 | 27.72 | 1837.97 | 400 | 45.95 | 45.95 | 0 | 2329.87 | 18.38 | 2348.25 | 2349 |
| Rajpardi | $RA_T$ | 2090 | 130 | 125.40 | 2.51 | 37.62 | 2385.53 | 400 | 59.64 | 59.64 | 0 | 2904.81 | 23.86 | 2928.67 | 2929 |
| Tadkeshwar | $TA_T$ | 1595 | 111 | 95.70 | 1.91 | 28.71 | 1832.32 | 400 | 45.81 | 45.81 | 0 | 2323.94 | 18.32 | 2342.26 | 2343 |
| | $TC_T$ | 3570 | 111 | 214.20 | 4.28 | 64.26 | 3963.74 | 400 | 99.09 | 99.09 | 0 | 4561.92 | 39.64 | 4601.56 | 4602 |
| Umarsar | $UU_T$ | 1540 | 100 | 92.40 | 1.85 | 27.72 | 1761.97 | 400 | 44.05 | 44.05 | 0 | 2250.07 | 17.62 | 2267.69 | 2268 |
| | $UC_T$ | 3570 | 100 | 214.20 | 4.28 | 64.26 | 3952.74 | 400 | 98.82 | 98.82 | 0 | 4550.38 | 39.53 | 4589.91 | 4590 |
| Panandhro | $PC_T$ | 3570 | 62 | 214.20 | 4.28 | 64.26 | 3914.74 | 400 | 97.87 | 97.87 | 0 | 4510.48 | 39.15 | 4549.63 | 4550 |

## PRICE LIST OF GUJARAT MINERALS

| Sr. No. | Name of Mineral | Unit | Price Rs. | Grade | Mining Centre |
|---|---|---|---|---|---|
| 1 | Kapchi (Black Trap) | MT | 275-300 | Semi | Halol (Panchmahals) |
| 2 | Kapchi (Black Trap) | MT | 425-475 | Special | Halol (Panchmahals) |
| 3 | Grit (Black Trap) | MT | 150-165 | Semi | Halol (Panchmahals) |
| 4 | Grit (Black Trap) | MT | 175-200 | Special | Halol (Panchmahals) |
| 5 | Rubble (Black Trap) | MT | 180-250 | | Halol (Panchmahals) |
| 6 | China Clay | MT | 150-300 | Raw | Kutch |
| 7 | Levigation | MT | 1200-3500 | | Kutch |
| 8 | Calcine | Kg | 14-16 | | Kutch |
| 9 | Calcined Bauxite | MT | 13000-15000 | Low ferric | Kutch, Porbandar |
| 10 | Calcined Bauxite | MT | 11000-12500 | General | Kutch, Porbandar |

# HD Microns Limited

Mines Owner & Minerals Processor

## China Clay / Kaolin

***Hydrous Kaolin - Calcined Kaolin***
***Spray Dried Kaolin - Meta Kaolin***

### Mineral that Enrich your Product Value

Paper | Paint | Fiber Glass
Plastic | Rubber | Ceramics

- Ultra Modern Manufacturing Unit.
- Under One Roof Hydrous - Spray Dried - Calcine China Clay.
- Highly Superior Products as a result of advance R & D Facility.

### Your Product is our testimony

**Head Office**

HD House, Pooja "A",
Above ICICI Bank Limited,
Bhuj-Kutch 370001. Gujarat-India
Phone : +91 2832 251135/251071
Fax : +91 2832 224518/250937
E-mail : lead@hdmicrons.com

**Ahmedabad Office**

225-227, Platinum Plaza,
Judges Bunglow Road, Bodakdev,
Ahmedabad 380054. Gujarat-India
Phone : +91 79 26858937
+91 79 40035941
Fax : +91 79 40035941

www.hdmicrons.com

A GROUP COMPANY OF SHREE RAM MINERALS
ESTD 1977

# SHREE RAM MINERALS

Kaolin solution for any product...

An ISO 9001-2015 Certified Company

COMPLETE RANGE OF

## KAOLIN CLAY

## LEADING Mines Owner & Manufacturer of Super Quality KAOLIN Products.

**CALCINED KAOLIN**

**HYDROUS KAOLIN CLAY**

**REFRACTORY KAOLIN**

**SILICA SAND**

**Contact :**
99252 33480 | 98255 04824
Ph. 02832-240882
Email: info@shreeramminerals.com
Web: www.shreeramminerals.com

**Corporate Office :**
GIDC Area, Post-Madhapar-370020
Ta- Bhuj(Kutch) Guj. (India)

www.printvision.in